બિંદુમાં સિંધુ

[૨૪]

'સંસ્કૃતિ'ના અંકોમાં 'ધર્મોદય*—ધર્માનુભવની સ્મરણયાત્રા' એ મથાળા નીચે કાકાસાહેબનાં લખાણો ક્રમશઃ આવતાં તે જ વખતે તે લખાણો સાંભળી જતો. મને તે અનેક દૃષ્ટિએ બહુ રુચેલાં. શ્રી. ઉમાશંકરભાઈએ એ છપાયેલ લેખોનો ઘણોખરો સંગ્રહ ક્યારેક મને આપેલો, એ દૃષ્ટિથી કે હું એને સળંગ ફરી સાંભળી જાઉં. મારી પણ તે વખતે ઇચ્છા હતી કે તે લખાણો સળંગ સાંભળી કાંઇક વિચાર આવે તો નોંધું, પરંતુ ફરી સળંગ સાંભળી જવાનો અવસર ન મળ્યો. જ્યારે એ લેખો પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય છે ત્યારે ભાઈશ્રી જેઠાલાલ ગાંધીએ મને કહ્યું કે તમને એ લખાણો છપાતી વખતે જ ગમેલાં, તો કાંઈક લખો. મેં એ આખો લેખસંગ્રહ ફરી હમણાં જ અખંડપણે સાંભળી લીધો. પ્રથમ વાચનનાં ઝાંખાં સ્મરણો ઉદ્ભવ્યાં, પણ આ વખતના વાચને તો અનેક નવા વિચારો જન્માવ્યા. એની સામાન્ય રીતે ટૂંકી ટૂંકી નોંધ કરી, પણ તે તો જુદી જ દૃષ્ટિએ. મને આ વખતના શ્રવણ વખતે વિચાર એવો આવ્યો કે હું લખું ભલે ગમે તે, પણ જે વિચારો આવતા જાય તે ટપકાવું તો ખરો જ; એ ટૂંકા ટિપ્પણો પડ્યાં હશે તો ક્યારેક કામ આવશે, નહિ તો ટિપ્પણ પૂરતા વિચારો તો ઘડાશે જ.

હું એ ટપકણોમાંથી આ સ્થળે કાંઈ લખીશ એમ મને નથી લાગતું, પણ કાકાસાહેબનાં એ લખાણો સાંભળવાથી તેમના વિશેનો પ્રથમ અનેક વાર કરેલો વિચાર આ વખતે જે નવતા પામ્યો છે તેને જ દર્શાવવા ધારું છું. તેમનાં લખાણોના આસ્વાદે કલ્પના અને જિજ્ઞાસાનાં વિવિધ અંગોમાં જે ખુમારી પેદા કરી છે તેનો અનુભવ સ્વસંવેદ્ય છે. તેમ છતાં મારા એ નવતા પામેલ વિચારના નિદર્શનથી અન્ય વાચકો પણ એવી ખુમારી અનુભવવા લલચાશે એ આશાએ થોડુંક લખું છું.

કાકાસાહેબનું નામ એટલું બધું જાણીતું છે કે એ નામ સાંભળતાં જ

---

* 'ધર્મોદય': કાકા કાલેલકર, પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, પૃ. ૧૪૨, કિં. રૂ. ૧૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાકા કાલેલકર એમ સમજી જવાય છે. ગુજરાતી, મરાઠી અને હિંદી એ ત્રણ ભાષામાં તો તેઓ પહેલેથી આજ સુધી લખતા આવ્યા છે, જોકે તેઓ ભાષાઓ તો ઘણી જાણે છે. જેમ બીજા કેટલા વિષયો તેઓ જાણે છે એ કહેવું અઘરું છે, તેમ તેઓની ભાષાસંપત્તિ વિશે પણ છે, છતાં હું જાણું છું ત્યાં સુધી એમનાં લખાણો તો ઉક્ત ત્રણ ભાષામાં વિપુલ પ્રમાણમાં સુપ્રસિદ્ધ છે. તેથી એ ત્રણ ભાષાના જગતના વાચકો અને સાક્ષરો તો કાકા-સાહેબને જાણે પોતપોતાની માતૃભાષાના લેખક હોય તે રીતે જ ઓળખે છે. તેમની માતૃભાષા કે ભણતરની ભાષા તો મરાઠી છે, પણ જેઓ તેમનાં ગુજરાતી અને હિન્દી લખાણો વાંચે છે તે બધા જ નિર્વિવાદપણે સ્વીકારે છે કે કાકાની ભાષાશક્તિ અને લખાણની હથોટી અદ્‌ભુત છે, વિરલ છે.

એક કોઈ સિદ્ધહસ્ત લેખકની કૃતિઓના અનેક યોગ્ય હાથે અનુવાદ થાય છે. ઘણીવાર એ અનુવાદો મૂળ જેવા જ મનાય છે, તેમ છતાં લેખક અને અનુવાદક બંનેનાં હૃદય સર્વથા એક તો નથી જ થઈ શકતાં. એક હૃદયમાંથી મૂળ જન્મે છે અને બીજામાંથી અનુવાદ. છેવટે એમાં બિમ્બ-પ્રતિબિમ્બનું સામ્ય હોય છે, પણ અભેદ તો નથી જ હોતો. તેથી ઊલટું, જ્યારે કોઈ સિદ્ધહસ્ત લેખક પોતે જ અનેક ભાષાઓમાં લખે છે અને તે ઉપર તેનો પૂર્ણ કાબૂ હોય છે ત્યારે તે લેખકનું એક જ હૃદય એ વિવિધ ભાષાઓનાં લખાણોમાં ધબકતું હોય છે. અનુવાદ કરતાં મૂળ લેખકની વિવિધ ભાષાઓની કૃતિઓની ખુમારી ઓર હોય છે. ગાંધીજી ગુજરાતીમાં લખે, હિન્દીમાં લખે અને અંગ્રેજીમાં પણ, પરંતુ એ ત્રણેમાં ગાંધીજીનું જે હૃદય વ્યક્ત થાય તે તેમના કોઈ એક ભાષાના લખાણના બીજાએ કરેલ સિદ્ધહસ્ત અનુવાદમાં ભાગ્યે જ જોઈ શકાય. આ દૃષ્ટિએ વિચાર કરતાં એવું વિધાન કરવાનું મન થઈ જાય છે કે અનેક ભાષામાં લખનાર સિદ્ધહસ્ત લેખક અને તલસ્પર્શી વિચારક તે તે ભાષાના સાહિત્યને અને તે તે ભાષાભાષી જગતને, ઇતર ભાષાના સાહિત્યમાંથી અને ઇતર ભાષાભાષી જગતમાંથી, ઘણી કીમતી અને ઉપયોગી ભેટો આપે છે. કાકાસાહેબને વિશે કહેવું હોય તો એમ કહી શકાય કે તેમણે ગુજરાતી ભાષાની સમૃદ્ધિમાં પોતાની માતૃભાષા અને બીજી માતૃવત્ કરેલી ભાષાઓની સમૃદ્ધિથી બહુ મોટો વધારો કર્યો છે. ગુજરાતી ભાષાને અનેક નવા શબ્દો, નવી કહેવતો, નવા રૂઢિપ્રયોગો આપ્યા છે. સાથે સાથે ગુજરાતી ભાષાના ગામડિયા ગણાતા, તળપદા મનાતા કેટલાય શબ્દો, કેટલીય કહેવતો વગેરેને પોતાના બહુશ્રુતત્વના સંસ્કારથી સંસ્કારી સાક્ષરપ્રિય બનાવ્યાં છે. અને ગુજરાતી ભાષામાં કોઈ પણ જાતનું દારિદ્રય

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

નથી એવી શ્રદ્ધા અંગ્રેજીભક્તોમાં પ્રકટાવવામાં કાકાસાહેબનો પણ નાનો-સૂનો ફાળો નથી. આ જ ન્યાયે કાકાસાહેબે મરાઠી ભાષાની સમૃદ્ધિમાં પણ કીમતી ફાળો આપેલો હોવો જોઈએ. (હું 'હોવો જોઈએ' એટલા માટે લખું છું કે તેમનાં મરાઠી લખાણો મેં વિશેષ પ્રમાણમાં નથી સાંભળ્યાં.) તેઓનાં હિન્દી લખાણો હું પહેલેથી સાંભળતો આવ્યો છું અને જોતો આવ્યો છું કે તેમણે હિન્દી ભાષાની સમૃદ્ધિમાં કેટલો વધારો કર્યો છે! 'સબકી બોલી', 'સર્વોદય', 'મંગલપ્રભાત' જેવાં માસિકોમાં તો તેમનો પ્રાણ ધબકે જ, પણ બીજાં અનેક પત્રપત્રિકાઓમાં અને પુસ્તકોમાં તેમનું હિન્દી લખાણ જે જોતા હશે, તેમ જ તેમનાં હિંદી અને ગુજરાતીમાં પ્રવચનો સાંભળતા હશે તે કહી શકશે કે કાકાસાહેબ હિન્દી અને ગુજરાતી સાહિત્યને તેમ જ તે ભાષાઓને કેટલું તેજ અર્પી રહ્યા છે.

ભાષા અને સાહિત્યની સમૃદ્ધિનો એક અર્થ એ છે કે તેનું કલેવર એટલું બધું વિશાળ તેમ જ ઉન્નત કરવું કે જેથી તેમાં અણખેડાયેલા વિચારો ખેડાવા લાગે, અર્ધાપર્ધા ખેડાયેલા વિચારો વધારે સારી રીતે ખેડાય અને એકંદરે વિષયોની વિવિધતા અને વિચારની સૂક્ષ્મતાનું ધોરણ ઊંચે આવે. કાકાસાહેબે ગુજરાતી, હિન્દી અને મરાઠી એ ત્રણે ભાષાની અને સાહિત્યની સમૃદ્ધિ આ દૃષ્ટિએ પણ વધારી છે. કાકાસાહેબે આ રીતે પણ સંકુચિત ભાષાવાદ અને પ્રાંતીયતાવાદને પોતાના વર્તન–વ્યવહારથી જ ફટકો માર્યો છે. તેમને હરકોઈ પોતાના પ્રાંતીય તરીકે જ ઓળખે છે. આ કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી.

ગોટલી કેટલી નાની અને તેમાંથી ઊગતું, ફાલતું–ફૂલતું આંબાનું ઝાડ કેટલું મોટું! આ બે વચ્ચેનું અંતર જોનાર જો સ્થૂળદૃષ્ટિ હોય તો એ કેવી રીતે સમજી શકે કે ગોટલીમાં જ એવડો મોટો અને વિશાળ આંબો છુપાયેલો હતો? પણ સ્થૂળદૃષ્ટિને માટે જે વસ્તુ દુર્ગમ તે જ સૂક્ષ્મદૃષ્ટિને માટે સુગમ હોય છે. ગોટલી યોગ્ય ભૂમિમાં કોહી, હવા–પાણી–પ્રકાશનું બળ પામી, ફણગો કાઢે છે. તેમાંથી મોટું થડ અને શાખા, પ્રશાખા, પ્રતિશાખા, પત્ર, મંજરીનો મોટો ફાલ વિસ્તરે છે. એ જ ફાલમાંથી રસના–તર્પક અને નેત્ર–મોહક મધુર આમ્રફળ પાકે છે.

આ રોજની દૃશ્યમાન ભૌતિક અને વાનસ્પતિક પ્રક્રિયા કે સૃષ્ટિ છે, જેને સમજતાં અને સમજાવતાં બહુ મહેનત નથી પડતી. પણ આ જ દાખલાને અનુસરતી માનસિક તેમ જ આધ્યાત્મિક પ્રક્રિયા કે સૃષ્ટિને સમજવા—સમ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાળવવાનું કામ એટલું સહેલું નથી. તેમ છતાં વિશ્વમાં કેટલીક વિભૂતિઓ એવી મળી આવે છે કે જેના ઉદાહરણથી આવી સૂક્ષ્મ પ્રક્રિયા પણ કાંઈક સહેલાઈથી સમજી શકાય. મને લાગે છે, કાકા આવી એક વિભૂતિ છે અને એ વિભૂતિ-તત્ત્વનું દર્શન તેમનાં બીજાં સેંકડો લખાણોમાં થાય છે તે કરતાં કાંઈક જુદી રીતે અને કાંઈક અકલ્પ્ય રીતે પ્રસ્તુત લખાણોમાં થાય છે.

છેક શૈશવકાળમાં બનેલી નાનીમોટી ઘટનાઓ કોને યાદ રહે છે? પણ આપણે પ્રસ્તુત ધર્માનુભવનાં લખાણોમાં જોઈએ છીએ કે કાકાના શિશુ-માનસ ઉપર તે વખતની ઘટનાઓની છાપ એવી સચોટપણે ઊઠી છે કે તે છાપ ઉપર આગલાં વર્ષોમાં અને વિકસતી બુદ્ધિ તેમ જ પ્રજ્ઞાના કાળમાં તેઓ બહુ મુક્તપણે વિચાર કરી શક્યા છે. છેક શૈશવકાળ કે જ્યારે તેઓ નિશાળે પણ બેઠા ન હતા ત્યારે અને પૂરું બોલતાં પણ ભાગ્યે જ જાણતા ત્યારે તેમણે જે જે જોયું, સાંભળ્યું અને તત્કાલીન શક્તિ પ્રમાણે જે કાલાઘેલા તર્કો અને પ્રશ્નો કર્યા, અધૂરાં કે સાચાંખોટાં જે અનુમાનો તારવ્યાં તે બધાંની છાપો તેમના સ્મૃતિભંડારમાં સંઘરાતી ગઈ અને ઉત્તરોત્તર તે જ છાપો ઉપર તેઓ પોતે જ મનમાં ને મનમાં વિચારનું નવું નવું ભાષ્ય રચતા ગયા. સામાન્ય હકીકતો જે આપણા સહુનાં જીવનમાં બને છે તેવી જ તેમણે પકડી છે. કુટુંબ, સમાજ, શાળા, શિક્ષક, પટાવાળો, પુરાણી, પૂજારી, મંદિર, મૂર્તિઓ, પૂજાના ક્રિયાકાંડો ઇત્યાદિ બધું જ આપણુ સહુને નાની ઉંમરથી એક અથવા બીજી રીતે પ્રાપ્ત હોય છે. પણ એની બાલ્યકાલીન છાપો કેટલાનાં મનમાં ઊઠે છે? અને ઊઠતી હોય. તો તે છાપોને યાદ કરી, તેનું પૃથક્કરણ કરી, તેનું મૂળ આપણામાંથી કોણ શોધે છે? અને એવા મૂળને શોધી, અંગત ગણાતા અનુભવમાંથી સર્વોપયોગી અને સર્વકાલીન ધર્માનુભવ કોણ તારવી શકે છે? આ બધું તદ્દન વિરલ, છતાં આપણે કાકાના જીવનમાં આ બધી પ્રક્રિયા ઘટતી જોઈએ છીએ. 'સ્મરણયાત્રા' માં તેમણે અમુક વર્ષો સુધીના અનુભવો યાદ કર્યા છે, તેના ઉપર પ્રૌઢ ઉંમરની ટીકાઓ પણ કરી છે. પરંતુ આ ધર્માનુભવની યાત્રામાં તો સાવ શૈશવ અવસ્થાથી માંડી પોતાનાં સ્મરણોની યાત્રા કરી છે. જ્યારે તેઓ શિશુ હશે, કિશોર હશે, કુમાર હશે, તરુણ હશે, પ્રૌઢ હશે, અને અત્યારે પરિપક્વ પ્રૌઢ છે ત્યારે પણ, તે તે સંસ્કારો પરત્વે તેમને અનેક જાતનાં તર્કો, વિચારો અને અનુમાનો સૂઝ્યાં; શાસ્ત્રીય તુલનાઓ પણ તેમણે કરી અને છેવટે એ સ્મૃતિબીજનો અત્યાર લગીનો થયેલ વિકાસ એમણે આ યાત્રામાં આલેખ્યો. જો એમની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનોભૂમિમાં પડેલ સ્મૃતિબીજનું આવું વિકસિત વિચાર–વૃક્ષ જન્માવવાનું સામર્થ્ય ન હોત તો આ યાત્રા આપણને સુલભ ન થાત.

સ્મૃતિ, તર્ક, કલ્પના, સમજણ અને જિજ્ઞાસા—એ બધાંનાં બીજો તેમને જન્મસિદ્ધ કે વારસાગત છે, પણ તે નાનાવિધ સામગ્રી પામી યથાકાળે ખૂબ ફાલ્યાં અને ફૂલ્યાં છે, જેની પ્રતીતિ પ્રસ્તુત સંગ્રહ કરાવે છે અને માનસિક કે આધ્યાત્મિક વિકાસમાં પણ ભૌતિક સૃષ્ટિની પેઠે જ કાર્યકારણભાવના પ્રવર્તતા નિયમનો ખુલાસો કરે છે,

કાકા પોતે ' જીવનપરંપરા ' મથાળાવાળા લેખમાં પુનર્જન્મના સ્વરૂપ વિશેની અનેક કલ્પનાઓ આપી અત્યારનું પોતાનું વલણ રજૂ કરે છે. એ ગમે તેમ હો, પણ એટલું તો નિર્વિવાદ સત્ય છે કે नासतो विद्यते भावः। જે અસ્તિત્વમાં આવે છે તેનું અજ્ઞાત અને સૂક્ષ્મ બીજ અવશ્ય હોય જ છે. જે વસ્તુ પ્રસ્તુત યાત્રામાં વિશાળ આકારે દેખા દે છે, તેનાં બીજો તેમનામાં જન્મસિદ્ધ હતાં, અને તેથી જ તે અનુકૂળ–પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ વિકસ્યાં.

કાકા કવિ છે, કળાકાર છે, કર્મશિલ્પી છે, નિર્માણસ્થપતિ છે, તત્ત્વજ્ઞ છે, વિવેચક છે, ભોગી છે, ત્યાગી છે, ગૃહસ્થ છે, સાધક છે—એમ અનેક 'છે'નું ભાન આ યાત્રાનાં લખાણો, તેમનાં બીજાં લખાણોની જેમ જ, કરાવે છે. પરંતુ આ યાત્રાની વિશેષતા મને લાગી છે તે તો એ કે એમણે સાદા અને સાવ સાદા દેખાય તેવા પ્રસંગોમાંથી જીવનસ્પર્શી વ્યાપક ધર્મ-સંસ્કાર તારવ્યો છે અને તે જે રીતે તારવ્યો, જે રીતે પચાવ્યો અને જે રીતે અત્યારે જીવનમાં કામ કરી રહ્યો છે તેનું સુરેખ ચિત્ર આપ્યું છે. આ લખાણોમાં કેટલાક વિષયો પર સામાન્ય નિબંધો પણ તેમણે સંઘર્યા છે. એ નિબંધોનું નવનીત જોકે જીવનગત ઘટનાઓના મંથનમાંથી જ ઉત્પન્ન થયું છે, છતાં તેમાં કોઈ ખાસ ખાસ ઘટનાઓનો ઉલ્લેખ ન હોવાથી તે ઘટના-નિરપેક્ષ વિચાર ભાસે છે. હું તો કાકાની ઉપમાઓ, ભાષાવિહાર, નવ નવ કલ્પનાઓ, વિચારનાં ઊંડાણો—એ બધું જોઉં છું ત્યારે એમને નવયુગીન વ્યાસ–વાલ્મીકિ તરીકે જ ઓળખાવવા લલચાઈ જાઉં છું.

કાકા ' દત્તાત્રેય ' છે. તેમણે દત્તાત્રેયથી વધારે નહિ તો ઓછા ગુરુઓ તો નહિ કર્યા હોય એવી મારી ધારણા છે. તે ગમે તેમ હો, પણ તેમના અંતિમ ગુરુ કે ઉપાસ્ય ગાંધીજી છે. ગાંધીજી અને કાકા વચ્ચે ઘણી બાબતોમાં ઘણું અંતર છે. એ કહેવાની જરૂર ન હોય: પણ પ્રસ્તુત ' ધર્મોદયની સ્મરણ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રા ' અને બીજી 'સ્મરણયાત્રા ' તે એક રીતે કાકાસાહેબની આત્મકથા જ છે. ગાંધીજીએ આત્મકથા આપી જગતને મુગ્ધ કર્યું છે, કાકાસાહેબે આત્મકથા આપી આબાલસ્ત્રીજન ઉપરાંત વિદ્વાનોને અને સાક્ષરોને પણ આકર્ષ્યા છે, તૃપ્ત કર્યા છે. ગાંધીજી જે કહેવું હોય તે સીધેસીધું કહી દે. મૂર્તિ વિશે શું વિચારે છે અને શું વિચારતા, એવી કોઈ બાબત વિશે કહેવું હોય ત્યારે કાકાસાહેબ કાવ્યકલ્પના દ્વારા તે નાનકડી દેખાતી ઘટનાને ખૂબ ફુલાવી, વિકસાવી અનેક મનોરમ તર્ક અને આસપાસના અનુભવોના રંગ પૂરી રજૂ કરે છે. એટલે ગાંધીજીનું એક વાક્ય તે કાકાસાહેબનો એક નાનકડો લેખ બને. વિદ્વાનો અને સાક્ષરોને ' आम्रोऽस्ति ' એ વાક્ય સંતોષ નથી આપતું, જ્યારે તે જ અર્થનું ' सहकारतरुर्विलसतितरां पुरस्तात् ' એ વાક્ય આકર્ષે છે.

યાત્રા કરવી હોય ત્યારે એક નિયત સ્થાનથી બીજા અંતિમ નિયત સ્થાન સુધી પગપાળા જવાનું હોય છે; તેમાં પડાવો કરવા પડે છે; પ્રત્યેક પડાવે નવો નવો અનુભવ અને તાજગી મળતાં જાય છે; ખાસ કરી નદી, માનસસરોવર કે કૈલાસની યાત્રા કરવી હોય ત્યારે તો ઊંચું ને ઊંચું ચડવાનું પ્રાપ્ત થાય છે. આવાં ચડાણોમાં ક્ષિતિજપટ ઉત્તરોત્તર વિસ્તરતો જાય છે. કાકાસાહેબે એવી યાત્રાનો આનંદ માણ્યો છે, એની ખૂબીઓ જાણી છે. તેથી જ કદાચ તેમણે પોતાનાં સ્મરણોને યાત્રાથી ઓળખાવ્યાં છે. આ પણ એક માનસિક અને આધ્યાત્મિક ઊંડાણ અને ચડાણનો પ્રવાસક્રમ હોવાથી યાત્રા જ છે. અધિકાર, સમજણ અને વિવેકના તારતમ્ય પ્રમાણે ધર્મના અનેક અર્થો મનુષ્યજાતિએ કર્યા છે; શાસ્ત્રોમાં સંઘરાયા પણ છે. એક જ પ્રસંગમાંથી અમુક કાળે ધર્મનો જે અર્થ ફલિત થાય તે જ પ્રસંગમાંથી કાળાંતરે સમજણ, વિવેક અને પ્રજ્ઞાની વૃદ્ધિ સાથે ધર્મનાં ઉત્તરોત્તર સૂક્ષ્મ રૂપો તે જ વ્યક્તિ કલ્પે છે, અનુભવે છે; અને એ રીતે ધર્મના વિશાળ રૂપના અનુભવની યાત્રા જાગરૂક વ્યક્તિ એક જ જીવનમાં કરે છે. પ્રસ્તુત લખાણો કાકાસાહેબની એવી યાત્રાનાં સાક્ષી છે, તેની પ્રતીતિ હરકોઈ વાચક કરી શકશે.

સિંધુમાં બિંદુ અને બિંદુમાં સિંધુ એવી પ્રાચીન વાણી છે. પૂર્વાર્ધનો અર્થ સમજતાં વાર નથી લાગતી, ઉત્તરાર્ધ વિશે તેમ નથી. પણ ઉત્તરાર્ધના એ રૂપકથી નિરૂપિત કરવામાં આવતો ભાવ કે સૂચિત કરવામાં આવતો અર્થ જો આપણી નજર સમક્ષ હોય તો એ રૂપક સમજવું સાવ સહેલું છે. જૈન શાસ્ત્રમાં વર્ણન છે કે કોઈ વ્યક્તિમાં એવી પણ લબ્ધિ–શક્તિ હોય છે કે તે એકાદ પદ, એકાદ વાક્ય કે એકાદ સૂત્રને અવલંબી તેના ઉપર વિચાર કરે

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

છે અને નિજ–પ્રજ્ઞાનો ઉપયોગ કરે છે ત્યારે તે એકાદ સૂત્ર તેને ચૌદ વિદ્યા જેટલું વિશાળ જ્ઞાનસામર્થ્ય અર્પે છે. આ વર્ણન ઝટ ઝટ બધાને ગળે ન પણ ઊતરે, તોપણ એની એક નાની અને આધુનિક આવૃત્તિ કાકાસાહેબનાં આ લખાણો પૂરી પાડે છે. તેથી જ તો એના શૈશવકાલીન સાવ ઉપેક્ષ્ય ગણાય એવા નજીવા સંસ્કારબિંદુમાંથી વિચાર, પરીક્ષણ અને પરિપક્વ પ્રજ્ઞાનો સિંધુ છલકાય છે.

કેટલાક અભ્યાસીઓએ ગુજરાતી સાહિત્યના ધુરંધર લેખકો જેવા કે નરસિંહરાવ, રમણલાલ આદિને કેન્દ્રમાં રાખી પીએચ. ડી. ની ડિગ્રી મેળવી છે; બીજા કેટલાક અત્યારે પણ એવા લેખકોને કેન્દ્રમાં રાખી એવી ડિગ્રીની તૈયારી કરી રહ્યાનું જાણમાં છે. તેથી સૂચન કરવાનું મન થાય છે કે જો કોઈ અભ્યાસી કાકાસાહેબના ગુજરાતી સમગ્ર સાહિત્યને અથવા એકાદ કૃતિને અથવા તેમના અનેક વિષયો પૈકી એકાદ વિષયને કેન્દ્રમાં રાખી એવી ડિગ્રી માટે પ્રયત્ન કરશે તો, હું માનું છું કે, તે પોતાની યોગ્યતાને અનેકમુખી વિકસાવશે; એટલું જ નહિ, પણ ગુજરાતી સાહિત્યની સાચી ઉપાસના કરવા ઉપરાંત પરપ્રાન્તીય વ્યક્તિએ ગુજરાતી સાહિત્યને કેટલું ઉન્નત કર્યું છે એનો અજોડ દાખલો ઉપસ્થિત કરશે.

— સંસ્કૃતિ, ઑગસ્ટ ૧૯૫૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org